# પી.ડી. પંડયા મહિલા કોમર્સ કોલેજ, અમદાવાદ

## હેડ ક્લાર્ક / જુનિયર કલાર્કની ભરતી પ્રાથમિક પરીક્ષા

## પ્રાથમિક પરીક્ષા અંગે ઉમેદવારો માટે જરૂરી સૂચનાઓ

પરીક્ષાની તારીખ : ૦૧/૦૨/૨૦૨૬, રવિવાર
પરીક્ષાનું સ્થળ : પી.ડી. પંડયા મહિલા કોમર્સ કોલેજ, મુક્ત જીવન સ્મૃતિ મંદિર પાસે, ઘોડાસર, અમદાવાદ-૩૮૨૪૪૫
પરીક્ષાનો સમય : સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦

### અગત્યની સૂચનાઓ :

૧) પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
૨) પ્રાથમિક પરીક્ષા નું પ્રશ્નપત્ર ૧૦૦ પ્રશ્નોનું રહેશે.
૩) પરીક્ષાનો સમય ૬૦ મીનીટનો રહેશે.
૪) પ્રાથમિક પરીક્ષા **Multiple Choice Question (MCQ)** પ્રકારના પ્રશ્નો ધરાવતી લેવામાં આવશે.
૫) દરેક પ્રશ્ન ૦૧(એક) ગુણનો રહેશે.
૬) ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
૭) પ્રશ્ન ના પ્રત્યેક ખોટા જવાબ દીઠ, તેમજ એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલ હોય તો મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે.
૮) પ્રશ્નના આપેલ બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહિ કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી પ્રશ્નદીઠ ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કિંગ) કરવામાં આવશે.
૯) ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો **'E' Not Attempting** નો વિકલ્પ પસંદ કરી શકાશે. આ વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહિ.
૧૦) દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનીટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.
૧૧) ઉમેદવારે પરીક્ષા માટે હોલ ટીકીટ (Hall Ticket) અને સરકાર માન્ય ફોટા સાથેનું ઓળખપત્ર ફરજીયાત લાવવાનું રહેશે.
૧૨) ઉમેદવારે પરીક્ષાખંડમાં ફક્ત પારદર્શક ભૂરી તથા કાળી બોલ પોઈન્ટ પેન લઈને આવવું.
૧૩) ઉમેદવારે પરીક્ષા સ્થળ પર પરીક્ષા શરુ થવાના ૧ કલાક પહેલા હાજર રહેવું. પરીક્ષા કેન્દ્રના મુખ્ય પ્રવેશદ્વાર આગળ ઉમેદવારની સઘન ચકાસણી કરવામાં આવશે ઉમેદવારે આ ચકાસણીમાં સહકાર આપવો.

P.D. PANDYA MAHILA COMMERCE COLLEGE AHMEDABAD

Principal
P. D. Pandya Mahila Com. College
Ghodasar, AHMEDABAD

૧૪) ઉમેદવારને સવારે ૯.૩૦ વાગ્યા પછી મુખ્ય દ્વાર થી પ્રવેશ આપવામાં આવશે નહિ.

૧૫) ઉમેદવારોને પરીક્ષાખંડમાં ફોન/સેલ્યુલરફોન/સ્માર્ટ ઘડિયાળ/ઇઅરફોન/માઈક્રોફોન/કેલ્ક્યુલેટર કે અન્ય કોઈ ઇલેક્ટ્રોનિક સાધનો લઇ જવા પર પ્રતિબંધ છે. આ સાધનો સ્થળ પર લાવવા નહિ.

૧૬) ઉમેદવારે પરીક્ષાખંડમાં નિરીક્ષક દ્વારા આપવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧૭) ઉમેદવારે પ્રશ્ન પુસ્તિકાની સૂચનાઓ અવશ્ય વાંચવી અને જરૂરી વિગતો યોગ્ય રીતે ભરવી.

૧૮) ઉમેદવારે OMR SHEET માં જરૂરી વિગતો યોગ્ય રીતે ભરવી.

૧૯) ઉમેદવારે OMR SHEETમાં કોઈ પણ પ્રકારની નિશાની કે ઓળખ કરવી નહિ.

૨૦) પરીક્ષા પૂર્ણ થયા પછી ઉમેદવારે OMR SHEET ખંડ નિરીક્ષકને પરત કરવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં OMR SHEET બહાર લઇ જઈ શકાશે નહિ.

૨૧) ઉમેદવાર ચાલુ પરીક્ષા દરમિયાન પરીક્ષા ખંડની બહાર જઈ શકશે નહિ.

૨૨) પરીક્ષાખંડમાં કોઈ પણ પ્રકારની ગેરરીતી કરવા બદલ ઉમેદવારને દોષિત ગણી ગેરલાયક જાહેર કરવામાં આવશે.

૨૩) ઉમેદવારે સ્વખર્ચે પરીક્ષા સ્થળ પર આવવાનું રહેશે.

૨૪) દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રાથમિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

આ ઉપરાંત રાજ્ય સરકારશ્રીના તથા સંસ્થાના નિયમોનું પાલન કરવાનું રહેશે.
આ અંગેની વિશેષ સુચનાઓ કોલેજની વેબસાઈટ પર જોતા રહેવું.

વિશેષ નોધ : પરીક્ષાનું પરિણામ કોલેજની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે.

P. D. PANDYA MAHILA COMMERCE COLLEGE AHMEDABAD

Principal
P. D. Pandya Mahila Com. College
Ghodasar, AHMEDABAD